‘હર ઘર તિરંગા’ અંતર્ગત ચિત્ર અને રંગોળી સ્પર્ધા

ગાંધીનગર,તા.૧૩

ભારત સરકારના હર ઘર તિરંગા આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર રિજિયોનલ સેન્ટર,વડોદરા સાંસ્કૃતિક મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે ‘‘હર ઘર તિરંગા’’ની હોંશભેર ઉજવણી સારું ચિત્ર અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું.

(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૦૨, ખાતે ચિત્ર સ્પર્ધામાં અને સેક્ટર-૦૮ માં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. બંને શાળામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સેક્ટર-૦૮ ખાતે ચિત્ર સ્પર્ધામાં ભારત દેશને આઝાદી અપાવવામાં જેનો સિંહફાળો છે તેવા વિવિધ સ્વાંતંત્ર્ય સેનાનીઓની મુખાકૃતિની અને આઝાદીના અમૃત મહોત્સવને ધ્યાનમાં રાખીને ખુબ સુંદર ચિત્રો બનાવ્યા હતા. ચિત્ર સ્પર્ધામાં જજ તરીકે મનોજભાઈ જોષી તથા દિક્ષિતાબેન જોષીએ ૭ બાળકોના ખુબજ સુંદર ચિત્રોને ઈનામને પાત્ર ઠેરવતા ગાંધીનગર મનપા વોર્ડ -૧૦ના કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. ચિત્ર સ્પર્ધામાં નિશા, યુવરાજ, જય, કાવ્યા, રોશની, શ્વેતા અને ધનરાજને ઈનામો આપવામાં આવ્યા હતા. સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨ ખાતે પરંપરાગત રંગોળી સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ હર ઘર તિરંગાની થીમને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારની ખુબ સુંદર મૌલિક રંગોળીઓ બનાવી હતી. નિફટના વિદ્યાર્થીઓ શ્રેષ્ઠા પ્રસાદ, આદિત્ય કૌશલ, રિદ્ધિ બિસ્વાસ, ઈશિતા સિંહ,દર્શન સોનાવણે,વૈષ્ણવી ગાંધી,રોશની કુમારી,ઈશા આહીરવાડી ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કામ અને વસુધૈવ કુટુંમ્બકમની ભાવનાને ધ્યાનમાં રાખીને વૈવિધ્યસભર આકર્ષક રંગોળી બનાવીને પોતાની કળાની ઓળખ આપી. જે સહુના માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. રંગોળી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સુશ્રી આશાબેન સરવૈયા, નિલેશભાઈ સિધ્ધપુરા અને સંજયભાઈ થોરાટ એ સેવા આપી હતી. તેઓએ ખુબજ સુંદર રંગોળી બનાવનાર ૭ બાળકોને ઈનામને પાત્ર ગણતા, ગાંધીનગરના જાણીતા ધારાશાત્રી, નોટરી, સ્પે. પીપી અને કટાર લેખક શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી તથા મહાનુભાવોના હસ્તે વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. રંગોળી સ્પર્ધામાં શિફા, વૈશાલી, અનામિકા, દશરથ, કાજલ, જાનકી અને ઉમેશને ઈનામો આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ઉદગમના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુરભાઈ જોષીએ સ્વાગત પ્રવચનમાં હર ઘર તિરંગા આઉટરીચ પ્રોગ્રામ વિશેની માહિત આપી હતી. બંને શાળાના બાળકોએ ચહેરા પર દેશભક્તિના ઝળક્તા ઉત્સાહ સહિત માટી હાથમાં લઈ સુવર્ણ ભારત બનાવવાના સંકલ્પ સાથે શપથ લઈને ’ભારત માતાકી જય’ ના ગગન ભેદી નારા લગાવ્યા હતા. બાદમાં મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. બંને કાર્યક્રમમાં મનોજભાઈ જોષી, ચાણક્ય જોષી, મનીષાબેન ત્રિપાઠી, કોર્પોરેટર શૈલાબેન ત્રિવેદી, તરુણ જૈન, રાહુલ તિવારી તથા રસેક્ટર-૮ની શાળાના આચાર્ય મિત્તલબેન પટેલ અને સેક્ટર-૨ની શાળાના આચાર્ય મીનાક્ષીબેન ઉપાધ્યાય સાથે શિક્ષકગણ એ ભારે જેહમત ઉઠાવી હતી.

(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

ગાંધીનગર હોમગાર્ડઝ યુનિટ દ્વારા એન સી ઓઝ રેન્ક ૨૦૨૩ એનાયત કરવા માટે સે-૧૨ કડવા પાટીદાર ઉમિયા મંદિર હોલમાં એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય , મેયર હીતેશભાઈ મકવાણા ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંત પટેલ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી તેમજ હોમગાર્ડઝના કમાન્ડન્ટ કિરણભાઈ પરમાર, ચંદ્રકાન્ત પરમાર તેમજ અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહી આ તબક્કે મહાનુભાવોએ હોમગાર્ડઝના જવાનોનો ઉત્સાહ વધારી પ્રોત્સાહક બળ પુરુ પાડયુ હતુ.

માત્ર ત્રણ જ માસના ગાળામાં દીકરી-માતા-નાનીના અવસાનનો કરુણ સંયોગ

શનિવારે દહેગામ ખાતે વોટર હીટરના કરંટથી આકસ્મિક મૃત્યુને ભેટેલી પરિણીતાના માતા અને નાની પણ ત્રણ માસ પહેલાં જ અવસાન પામ્યાં હતા : ગાંધીનગરના સોની પરિવારને ઉપરાછાપરી ત્રણ આંચકા

ગાંધીનગર, તા. ૧૩

"ના જાણ્યું જાનકી નાથે, કાલે સવારે શું થવાનું છે" આ ઉક્તિ તાજેતરમાં સર્જાયેલા કરુણ ઘટનાક્રમમાં બંધબેસે છે જેમાં શહેરના સોની પરિવારમાં માત્ર ત્રણ જ માસના ગાળામાં પહેલાં નાની, પછી તેમની દીકરી એટલે કે માતા અને હવે તેમની પણ દીકરીના આકસ્મિક અવસાનનો કરુણ સંયોગ સર્જાવા પામ્યો છે. આટલા ટૂંકા ગાળામાં સોની પરિવારને ઉપરાછાપરી ત્રણ આઘાતજનક આંચકાએ હચમચાવી મુક્યો છે.

માત્ર વાત સાંભળીને પણ ભલભલાની આંખમાંથી આંસુઓની ધારા વહેવા લાગે તેવા આ ઘટનાક્રમના પગલે શહેરનો સોની પરિવાર શોકમાં ગરકાવ થઈ જવા પામ્યો છે. સેક્ટર-૨૪માં આભૂષણ ગોલ્ડ એન્ડ સિલ્વર નામથી વર્ષોથી પોતાનો પરંપરાગત વ્યવસાય કરતાં ધર્મેશ વિનુભાઈ સોની અને તેમના દહેગામ ખાતે પરિણીત બહેન દર્શનાબેન સોનીના માતૃશ્રી મંજુલાબેન ગત મે માસમાં બીમારીના કારણે એપોલો હોસ્પિટલમાં દાખલ હતા જ્યાં તેમની આઈસીયુ યુનિટમાં સારવાર ચાલુ હતી. આ દરમ્યાન મંજુલાબેનના માતૃશ્રી એટલે કે ધર્મેશ સોનીના નાની જૂનાગઢ રહેતા ૯૨ વર્ષીય વિદ્યાબેન કાંતિલાલ સોનીના તા.૧૭મી મે ૨૦૨૩ના રોજ અવસાનના સમાચાર આવ્યાં હતા. આ સમાચાર મંજુલાબેન આઈસીયુમાં હોવાને કારણે આપી શકાયા નહીં અને બરાબર પાંચ દિવસ પછી તા.૨૨મી મે ૨૦૨૩ના રોજ મંજુલાબેને પણ ૬૮વર્ષની વયે સંસારમાંથી વિદાય લીધી હતી. સોની પરિવાર પર માત્ર પાંચ જ દિવસના ગાળામાં માતા અને નાનીના અવસાનનો શોક પ્રસરી વાળ્યો અને સૌ કોઈ ગમગીન બની ગયા હતા. પરિવારે દિવંગત આત્માઓની સદગતિ માટે કોઈ પણ ક્રિયાકર્મમાં કસર છોડીને નહોતી. એ પછી માંડ ત્રણ માસનો ગાળો પસાર થયો અને નાની અને માતાની વસમી વિદાયના અનહદ શોકમાંથી બહાર આવવા મથી રહ્યો હતો પરંતુ કુદરતને કંઈક અલગ જ મંજુર હતું અને તે જયારે કસોટી લેવા બેસે છે ત્યારે તેની આગળ કોઈનું કાંઈ ચાલતું નથી. હજુ તો શનિવારની સવારે દહેગામથી દર્શનાબેન ફોન કરીને પોતાની ભાભી સુષ્માબેનને કહે છે કે "ભાભી મારી રસોઈ બનાવી રાખજો, હું થોડી વારમાં આવું છું, આપણે મામાને મળવા જવું છે." ફોન મૂકીને તેઓ પોતાની નાની દીકરીને નવડાવે છે અને ઘરકામ કરવા આવતા બહેનને સોંપીને પોતે ઘરનો દરવાજો બંધ કરીને બાથરૂમમાં નાહવા જાય છે જ્યાં તેમણે પાણી ગરમ કરવા ડોલમાં ઈલેક્ટ્રીક વોટર હીટર મૂકેલું હતું. ઉતાવળમાં તેઓ તેની વીજ પાવરની સ્વીચ બંધ કરવાનું ભૂલી ગયા અને પાણી ગરમ થયું નહીં તે ચેક કરવા ડોલમાં હાથ નાંખી દીધો નવા બસ..... ઈલેક્ટ્રિક શૉકનો જબરદસ્ત આંચકો અને ઘડીભરમાં ખેલ ખતમ... દર્શનાબેનનું બાથરૂમમાં જ કરુણ મૃત્યુ નીપજ્યું.

દર્શનાબેનને બહાર આવતા બહુવાર લાગતા નીચે દીકરીને લઈને નીચે ગયેલા કામવાળાબેન ઘરે આવ્યા હતા અને તેમણે જોયું તો બાથરૂમમાંથી ધૂમાડાના ગોટે ગોટા નીકળતા હતા તેથી તેમણે કશુંક અગતું બન્યું હોય તેમ લાગતાં મકાનમાં નીચે રહેતા દર્શનાબેનના સાસુસસરા એટલે કે દીપકભાઈના માતા-પિતાને તેની જાણ કરી હતી અને જેમને તુરંત દીપકભાઈ જેઓ ગાડીનું કામ કરાવવા બજારમાં ગયાં હતા તેમને ફોન કર્યો અને દીપકભાઈ તેમજ આજુબાજુના રહીશો પણ બીજા માળે દોડી આવ્યા હતા અને બાથરૂમનો દરવાજો તોડ્યો ત્યારે અંદર ધૂમાડાના ગોટેગોટા હતા અને દર્શનાબેન બેભાન હાલતમાં ફસડાયેલા જોવા મળ્યા હતા અને ૧૦૮ને કોલ કરતાં તેમણે તાકીદે દહેગામના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે, ફરજ ઉપરના ડોક્ટરે તેમણે મૃત જાહેર કર્યા હતા. દર્શનાબેન માત્ર ૪૪વર્ષની વયે તેમની પાછળ બે દીકરા, એક નાની દીકરી અને સાસરી તથા પિયરના પરિવારને કલ્પાંત કરતા મૂકી ગયા છે. માત્ર ત્રણ જ માસના ગાળામાં નાની, માતા અને દીકરીની અણધારી વિદાયનો આ કરુણ સંયોગ સમગ્ર સોની સમાજમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

વિજ્ઞાન ગુર્જરી ગાંધીનગર યુનિટ દ્વારા

સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ અંતર્ગત એક જ દિવસમાં ૨૯ વ્યાખ્યાનોની શ્રૃંખલા

ગાંધીનગર, તા. ૧૩

વિજ્ઞાન ગુર્જરી એ રાજ્યકક્ષાની વિજ્ઞાન પ્રોત્સાહક પ્રવૃત્તિઓ કરે છે. આ સંસ્થા દ્વારા ગુજરાતના મહાન વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતભરમાં ૨૨ જિલ્લાઓમાં ૩૦૦ થી વધુ શૈક્ષણિક સંસ્થાઓમાં વિવિધ વિષય નિષ્ણાંતો દ્વારા ૩૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને જોડી સાયન્સ, ઈનોવેશન અને ટેકનોલોજી જેવા વિવિધ વિષયોમાં તા. ૧૦ઓગષ્ટના રોજ એક જ દિવસે વ્યાખ્યાન શ્રૃંખલાનું આયોજન કરી એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. જેમાં વિજ્ઞાન ગુર્જરી ગાંધીનગર યુનિટ દ્વારા એક સાથે એક જ દિવસમાં ૨૦ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થાઓ અને સંશોધન સંસ્થાઓના વિષય નિષ્ણાતો, ડૉ. સત્યમિત્ર શેખ, ડૉ. સિદ્ધાર્થ જોશી, ડૉ. યામિની પરમાર, ડૉ. સન્માન સમોવા, ડૉ. તેજસ પાવાગઢી, ડૉ. પારસ ઉચાટ, ડૉ મહેન્દ્ર પટેલ, ડૉ. નિરવ પટેલ, ડૉ. કુણાલ શાહ, ડૉ. ઈશાન રાવલ, ડૉ. મેહુલ દવે, ડૉ. રાજેશ રાઠોડ, ડૉ. રિચા દયારામણી, અર્પિત મોદી, ડૉ. નીતિન ત્રિવેદી, ડૉ. વિજય ગઢવી, શ્વેતા જોષી, બિન્દન ડાભી, ડૉ. કુલદીપ જોશી, હેતલ કાનડા, દિવ્યકાંત પટેલ, ડૉ. વિરલ ચિતારા, પટેલ રશ્મિ, પટેલ જાગૃતિબેન, હાર્દિક સાકરીયા, સ્નેહા જોષી, સ્વેતલબેન પ્રજાપતિ, નિધિ મહેતા, નાયર ઉષાબેન અને કિંજલબેન પટેલ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી.

(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ ખાતે એક-દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, ગાંધીનગરના અર્થશાસ્ત્ર વિભાગ અને આઈ.ક્યુ.એ.સી દ્વારા ૧૨ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ‘સોશિયો-ઈકોનોમિક ઈશ્યુઝ ઈન પોલ્યુશન મેનેજમેન્ટ અક્રોસ ઈન્ડિયા’ વિષય પર એક-દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.સેમિનાર અધ્યક્ષ તરીકે કૉલેજના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, અતિથિવિશેષ તરીકે કેમ્પસ રજિસ્ટ્રારડૉ. એમ.ડી. પાંડે અને આમંત્રિત મુખ્ય વક્તા તરીકેગુજરાત યુનીવર્સીટીના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. સંજય પરદેશી ઉપસ્થિત રહ્યાં હતાં.કાર્યક્રમની શરૂઆતમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ. રાજેશ મહેતાએ મહેમાનો અને ઉપસ્થિત સહભાગીઓને આવકાર્યાં હતા. આ પ્રકારના વિદ્યાકીય ઉપક્રમોમાં સતત સહાયભૂત થનાર મેનેજિંગ ટ્રસ્ટીશ્રી શંકરસિંહ વાઘેલાબાપુ અને શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાનો તેમણે ખાસ આભાર માન્યો હતો. આ સેમિનારમાં ગુજરાત યુનીવર્સીટીના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. સંજય પરદેશીએ બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. તેમના ચાવીરૂપ વક્તવ્યમાં તેમણે જળ, જંગલ અને જમીનને વિવિધ પ્રકારના પ્રદૂષણથી બચાવવા કાયદાની અનિવાર્યતા ઉપરાંત નાગરિકોની જાગૃતિ પર વિશેષ ભાર મૂક્યો હતો. બ્રાઝીલના અમેઝોનના વર્ષાવનો કઈ રીતે કાર્બન શોષીને હવા પ્રદૂષણ અટકાવે છે તેની વાત કરીને વિશ્વભરના આદિવાસી સમુદાયની પર્યાવરણ પ્રીતિને અનુસરવાની તેમણે શીખ આપી હતી.

આપ્રસંગે સેમિનારમાં સહભાગી અધ્યાપકો અને રીસર્ચ સ્કોલર્સના ૭૪ જેટલાં શોધપત્રોનૌંજીમ્દ્ર ધરાવતાં સંપાદિત પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

આવતીકાલે સે.૧૩બી ખાતે રક્તદાન કેમ્પ અને હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાશે

સેક્ટર-૧૩બી સિનિયર સીટીઝન પરિવાર અને હેપ્પી યુથ ક્લબના સંયુક્ત ઉપક્રમે આયોજન

ગાંધીનગર, તા. ૧૩

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દેશભરમાં ૭૭મા સ્વાતંત્ર દિવસની ભવ્ય ઉજવણીનું આયોજન ચાલી રહ્યું છે. સરકારી આયોજન ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકો દ્વારા પણ સ્વયંભૂ રીતે સ્વાતંત્ર પર્વની ઉજવણીનું વિવિધ રીતે આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં સેક્ટર-૧૩બી ખાતે સિનિયર સીટીઝન પરિવાર અને શહેરની સેવાભાવી સંસ્થા હેપ્પી યુથ ક્લબના સંયુક્ત ઉપક્રમે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી તા.૧૫મી ઓગસ્ટ, મંગળવારના ૨૦૨૩ના રોજ "નંદનવન" ખાતે રક્તદાન કેમ્પ અને જલારામ ઓર્થોપેડીક હોસ્પિટલના સૌજન્યથી નિઃશુલ્ક ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, કેલ્શિયમ ટેસ્ટ સહિતના હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના પ્રારંભે પહેલા ધ્વજવંદન યોજાશે.

સિનિયર સીટીઝન પરિવાર આયોજિત આ કાર્યક્રમમાં સેક્ટર-૧૩બી શોપિંગ સેન્ટરની સામે સિનિયર સીટીઝન હોલ પાસેના "નંદનવન" ખાતે સવારે ૯ કલાકે રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવશે ત્યાર બાદ રમત ગમત અંતર્ગત ઈનામી સ્પર્ધા જેમાં દોડ, લીંબુ ચમચી દોડ, સંગીત ખુરશી જેવી મનોરંજક રમતો યોજાશે. આ પછી ૧૦.૩૦થી ૧ કલાક દરમ્યાન સિનિયર સીટીઝન હોલ ખાતે રક્તદાન કેમ્પ અને હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાવામાં આવશે. રક્તદાન કેમ્પમાં રક્ત એકત્ર કરવાની સેવા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની મેડિકલ ટીમ પુરી પાડશે જયારે હેલ્થ ચેકઅપ કેમ્પમાં જલારામ ઓર્થોપેડીક હોસ્પિટલની મેડિકલ ટીમ દ્વારા વિના મૂલ્યે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, કેલ્શિયમ ટેસ્ટ વગેરે કરી આપવામાં આવશે. આ કેમ્પનો નાગરિકોએ ખાસ કરીને વડીલો-મહિલાઓએ મોટી સંખ્યામાં લાભ લેવા અને યુવાનોએ રક્તદાન કરીને રાષ્ટ્ર સેવામાં યોગદાન આપવા આયોજકો દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

યોગ હવન અને ડીજે રેલી સાથે કુડાસણમાં ઉજવાશે સ્વાતંત્ર્ય પર્વ

બિલ્ડર્સ સામવેદ ગ્રુપ, પ્રમુખ ગ્રુપ, નક્ષત્ર ગ્રુપના સંયુક્ત ઉપક્રમે માનવ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક યોગ શિબિર-વૈદિક હવન અને ધ્વજવંદન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની ખૂબ જ જાણીતી તેમજ યોગના કાર્યમાં સદૈવ અગ્રેસર માનસ યોગ સેવા ટ્રસ્ટ - ગાંધીનગર, સામવેદ ગ્રુપ, નક્ષત્ર ગ્રુપ, પ્રમુખ ગ્રુપના સંયુક્ત ઉપક્રમે આગામી ૧૫ ઓગષ્ટના રોજ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ અંતર્ગત માનસ યોગ સેવા ટ્રસ્ટના યોગાચાર્ય કાનજીભાઈ બાવરી સહિત સામવેદ ગ્રુપ, પ્રમુખ ગ્રુપ, નક્ષત્ર ગ્રુપના મહાનુભાવો દ્વારા માહિતી આપતા જણાવ્યું હતું કે વર્તમાન સમયે ભારત જી૨૦ની સદસ્યતા કરી રહ્યું છે ત્યારે ૭૬માં સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી ખૂબ જ મહત્વની બની રહી છે. તેથી આ રાષ્ટ્રીય પર્વને ખૂબ જ વિશિષ્ટ રીતે ઉજવવા માટે માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા એક દિવસીય યોગ શિબીર, વૈદિક હવન અને ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આ અંગે વિશિષ માહિતી આપતાં યોગાચાર્ય કાનજીભાઈ બાવરી એ જણાવ્યુ હતું કે સવારે ૬ થી ૮ યોગ શિબિર, ૬.૩૦ થી ૭.૩૦ વૈદિક હવન, ત્યાર બાદ હળવો નાસ્તો, મુખ્ય અતિથિ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ અને આશીર્વચન અને કુડાસણ વિસ્તારમાં ડીજે અને બેન્ડ સાથે રેલીનું આયોજન બાદ પ્રિતી પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. ઉપસ્થિત સૌને હવનમાં આહૂતિનો પણ લાભ મળશે. માનસ યોગ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી અને સામવેદ ગ્રુપના જીજ્ઞેશભાઈ, નક્ષત્ર ગ્રુપના ઉત્પલભાઈ અને પ્રમુખ ગ્રુપના રચિતભાઈ આ પ્રેસવાર્તામાં ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમ સંબંધિત વિશેષ માહિતી પૂરી પાડી હતી. આ ઉપરાંત માનસ યોગ સેવા ટ્રસ્ટના પ્રકાશભાઈ વણઝારા, ડૉ. નેહલબેન દેસાઈ, મિડીયા પ્રભારી આશિષભાઈ દેસાઈએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપેલ સમગ્ર કાર્યક્રમ કેશવ આરાધ્યમની બાજુમાં, સરદાર ચોક, કુડાસણ ખાતે યોજાશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૯૮૭૯૭૯૭૮૮૪
ફોન - ૦૭૯-૨૩૨૨૨૫૭૧